# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતથી રાજ્યના પ્રથમ સેમીકન્ડક્ટર પ્લાન્ટનો આજે શુભારંભ કરાવ્યો.
2. કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવિયાએ આજે ભાવનગરમાં 150 કરોડના 11 વિકાસકામોનું ખાતમુહુર્ત અને બે કરોડના કામોનું લોકાર્પણ કર્યું.
3. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રીના વિઝનને અનુરૂપ ભવિષ્યના ક્ષેત્રોના વિકાસમાં ગુજરાતને અગ્રેસર રાખવાની નેમ વ્યક્ત કરી.
4. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, કચ્છ રણોત્સવ એ વિશ્વ પ્રવાસનનું તોરણ બની ગયું છે અને રણોત્સવથી રાજ્યના પ્રવાસન ઉદ્યોગને વેગ મળ્યો છે.
5. રાજ્યભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SURAT- Semiconductor Plant

સુરતથી ગુજરાતના પ્રથમ સેમીકન્ડક્ટર પ્લાન્ટનો શુભારંભ કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર.પાટીલે કર્યો હતો.  આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ડિજિટલ ક્રાંતિ માટે અતિ મહત્વના ગણાતા ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે સૌથી અગત્યનું રો-મટીરીયલ સેમી કન્ડક્ટર છે. ગુજરાતમાં આ પ્રકારના ઉત્પાદનો શરૂ થાય અને માત્ર દેશને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વને સેમિ કન્ડક્ટર પૂરા પાડી શકાય તે ઉદ્દેશ સાથે રાજ્યના ઉદ્યોગ સાહસિકો આગળ આવી રહ્યા છે.

## (બાઇટ- સી.આર.પાટીલ, કેન્દ્રીય જળશક્તિમંત્રી)

ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ પ્લાન્ટ માત્ર ગુજરાતના આર્થિક વિકાસમાં જ ફાળો આપશે નહીં, પરંતુ રાજ્યને સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરીંગમાં વૈશ્વિક અગ્રણી તરીકે સ્થાપિત કરશે.

## (બાઇટ- હર્ષ સંઘવી, ગૃહરાજ્યમંત્રી)

સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે સુરતની સૂચિ સેમિકોન દ્વારા પલસાણા તાલુકાના બગુમરા ખાતે ૧૦૦ મિલિયન ડોલર એટલે કે ૮૪૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ગુજરાતના પ્રથમ અદ્યતન સેમીકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ પ્લાન્ટમાં ઈલેક્ટ્રોનિક ચીપ્સનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. ૩૦ હજાર ચોરસ ફુટ વિસ્તારમાં નિર્માણ પામેલા આ પ્લાન્ટમાં પ્રતિદિન ત્રણ લાખ સેમીકન્ડક્ટર ચીપ્સનું ઉત્પાદન થશે.

--------------

## BHAVNAGAR - M.MANDAVIYA

કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવિયાએ આજે ભાવનગર શહેરના લોકોની જનસુખાકારી માટે 150 કરોડના 11 વિકાસકામોનું ખાતમુહુર્ત અને બે કરોડના એક કામનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે રાજ્યના મંત્રી નીમુબેન બાંભણીયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે આજે થયેલા વિકાસ કામોના ખાતમુહુર્ત અને લોકાર્પણથી ભાવનગર શહેરની સુંદરતા અને લોકોની સુખાકારીમાં વધારો થશે. ડબલ એન્જીનવાળી સરકારમાં રાજ્યનો ભરપૂર વિકાસ થઇ રહ્યો છે.

(બાઇટ-મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

આ પ્રસંગે રાજ્યના મંત્રી નીમુબેન કહ્યું હતં કે ભાવનગરને વિકાસના કામોની અનેક ભેટ મળેલી છે. જેમાં નવા ધોરીમાર્ગો, સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ ભાવનગર સોમનાથ ચાર માર્ગીય ધોરીમાર્ગ, અલંગ ડેવલપમેન્ટ તેમજ રો-રો ફેરી સર્વિસ,  અને કન્ટેન્ટ મેન્યુફેક્ચરીંગ સહિતના અનેક ઉદ્યોગો અહીં વિકસ્યા છે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે વિકાસકામોના લોકાર્પણ બાદ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ રાજ્યના પ્રથમ ગ્રેઇન ATM અને સર.ટી.હોસ્પિટલમાં તૈયાર થયેલા સુપર સ્પેશ્યાલીટી વિભાગની મુલાકાત લીધી હતી.

\-------------

## CM MUMBAI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ ભવિષ્યના ક્ષેત્રોના વિકાસમાં ગુજરાતને અગ્રેસર રાખવાની નેમ વ્યક્ત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મુંબઇમાં વર્લ્ડ હિન્દુ ઇકોનોમિક ફોરમ આયોજિત વાર્ષિક સભામાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

## (બાઇટ- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ)

મુખ્યમંત્રીએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની પૂણ્યતિથિએ આયોજિત આ ફોરમમાં સરદાર પટેલને ભાવાંજલિ અર્પણ કરી હતી.

મુખ્યમંત્રીએ દેશની આઝાદી પછી અર્થવ્યવસ્થાને પારદર્શી અને આત્મનિર્ભર બનાવવામાં સરદાર સાહેબે આપેલા વિચારોનો આ તકે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે ઉમેર્યુ કે, ગ્લોબલ ટેન્ડરીંગનો વિચાર ૧૦૦ વર્ષ પહેલા ૧૯૨૫માં સરદાર પટેલે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં  આપ્યો હતો.

એટલું જ નહિ સહકારિતાના વિઝન સાથે તેમણે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની પ્રેરણા આપીને દૂધ ઉત્પાદકોને શોષણથી બચાવી આત્મનિર્ભર બનાવ્યા. તેમના નેતૃત્વમાં પાછલા દશકમાં દેશની અર્થવ્યવસ્થાનું કદ લગભગ બમણું થઇ ગયુ છે અને ભારત વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે.

હવે તેમની વિઝનરી લીડરશીપમાં ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવા તરફ દેશ ઝડપથી આગળ વધ્યો છે, એમ  પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

--------------

## CH – DHORDO

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, કચ્છ રણોત્સવ એ વિશ્વ પ્રવાસનનું તોરણ બની ગયું છે અને રણોત્સવથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વેગ મળ્યો છે. ધોરડો ખાતે યોજાતો રણોત્સવ એ એક ભારત શ્રેષ્ઠ ભારતને સાકાર કરવાનો અવસર છે.

યુનાઇટેડ નેશન દ્વારા ધોરડોને બેસ્ટ ટુરીઝમ વિલેજમાં સ્થાન મળ્યું છે તે અંગે મુખ્યમંત્રીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી ભૂકંપ પછી કચ્છ બેઠું થયું છે અને આજે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે તેમ જણાવી મુખ્યમંત્રીએ ખાવડાના સોલાર એનર્જી પાર્ક, સ્મૃતિવન વગેરેનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ ભારતીય ટપાલ વિભાગના 'રણોત્સવ ૨૦૨૪-૨૫' થીમ આધારિત સ્પેશિયલ પોસ્ટલ કવર અને સ્પેશિયલ કેન્સલેશનનું વિમોચન કર્યું હતું.

--------------

## CM - RAJKOT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે રાજકોટ જિલ્લાના ગાયત્રી આશ્રમ, ગધેથડ ખાતે આયોજીત ગુરૂપૂજન કાર્યક્રમમાં સહભાગી થયા હતા. પ્રજાની સુખાકારી માટે તેમણે ગાયત્રી મંદિરમાં શીશ ઝુકાવી પ્રાર્થના કરી હતી, અને આશ્રમના મહંત શ્રી લાલ બાપુના આશીર્વાદ પણ મેળવ્યા હતા.

મુખ્યમંત્રીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે ગધેથડ ગાયત્રી આશ્રમ જેવી આસ્થાની જગ્યાએ આવવાથી જનસેવા માટેનું મારૂં મનોબળ વધુ મજબૂત બન્યું

છે, અને સંતોના આશીર્વાદથી અમારો જન કલ્યાણનો સંકલ્પ વધુ મજબૂત બનશે.

--------------

## PM HM-SARDAR PATEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આજે સરદાર વલ્લભભાઈ પટેલને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલનું વ્યક્તિત્વ અને કાર્યો દેશની એકતા અને અખંડિતતા અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં દેશવાસીઓ માટે પ્રેરણા સ્ત્રોત રહેશે. ગૃહમંત્રી અમિત શાહે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, સરદાર પટેલને 500થી વધુ રજવાડાઓનું વિલીનીકરણ કરીને આધુનિક ભારતનો પાયો નાખવાનો શ્રેય જાય છે. લોખંડી પુરુષને યાદ કરતાં ગૃહમંત્રીએ તેમને દેશની એકતાના પ્રતીક ગણાવ્યા.

આજે રાજ્યભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, આજે પાટણ ખાતે ભાજપ, કોંગ્રેસ સહિત રાજકીય પક્ષો અને વિવિધ સંગઠનો દ્વારા સરદાર સાહેબની પ્રતિમા પર ફૂલહાર ચડાવી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

-------------

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી ડિસેમ્બરનાં રોજ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. 27 ડિસેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને newsonair મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

-------------